# સ્ટુડન્ટ્સ ચેસ ફેસ્ટિવલ-2024ની અગત્યની સૂચનાઓ

1. રમતનો પ્રથમ રાઉન્ડ સવારે 9:00 કલાકે શરૂ થશે. સ્પર્ધકે રમત દરમિયાન આવશ્યકતા અનુસાર પાણીની બોટલ સાથે રાખવી.
2. ખેલાડીઓનાં નામની યાદી 28 નવેમ્બર બપોર પછી Chess-result.com પર જોઈ શકાશે. (સ્ટેપ : Google- Chess-result.com – Federation Selection IND- State selection Gujarat પછી નીચે ઈવેન્ટમાં દેખાશે.) જો કોઈ સ્પર્ધકનું નામ ન હોય અથવા આધારકાર્ડ પ્રમાણે બીજા બ્લોકમાં હોય કે અન્ય ભૂલ હોય તો નીચેના નંબર ઉપર સંપર્ક કરવો. બ્લોક- A : ડૉ. નરેન્દ્રકુમાર વસાવા- 9427876980 બ્લોક- B : ડૉ. દિનેશ ચૌધરી- 8141802907 બ્લોક-C : ડૉ. રોનક પરમાર- 9904389163 બ્લોક-D : ડો. અંજના ચૌહાણ- 9408822359
3. રમત શરૂ થતાં પહેલાં પેરિંગ (કોને કોની સામે રમવાનું છે તે) Chess-result.com પર જોઈ શકાશે.
4. સ્પર્ધકે ચેસ સેટ અને ચેસ ક્લોક લાવવાના નથી.
5. પહેલા રાઉન્ડમાં સમય પર ગેરહાજર રહેનાર સ્પર્ધકને નિયમ મુજબ હાર પ્રાપ્ત થશે. ત્યાર પછીના બીજા રાઉન્ડથી રમવા માટે રજિસ્ટ્રેશન ટેબલ પર હાજરી પુરાવવી અનિવાર્ય છે. (દરેક રાઉન્ડમાં 15 મિનિટનો વોકઓવર રહેશે)
6. રમત દરમિયાન કોઈ પણ રાઉન્ડમાં સ્પર્ધકની હાર થાય તો પણ સ્પર્ધકે બધા જ રાઉન્ડ (સાત રાઉન્ડ) રમવાના છે.
7. સ્પર્ધકના આધારકાર્ડમાં જે જિલ્લો હશે તે બ્લોકમાં જ સ્પર્ધકે રમવું પડશે.
8. રમતી વખતે આધારકાર્ડની ઝેરોક્ષ સાથે રાખવી અને તેના પર સ્પર્ધક અને તેના વાલીનો સંપર્ક-નંબર અવશ્ય લખવો.
9. ટુર્નામેન્ટમાં રમત દરમિયાન સ્પર્ધકે ઘડિયાળ, મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે રાખવાં નહીં, જો મળશે તો સ્પર્ધક તે રાઉન્ડમાં હારેલો ગણાશે.
10. વિજેતા થનાર સ્પર્ધકે ઈનામ મેળવતી વખતે આધારકાર્ડ, બેંકની ડિટેઈલ( સ્પર્ધક અથવા માતા-પિતાની), બર્થ સર્ટિફિકેટ તથા એન્ટ્રી ફી ભર્યાનું પ્રૂફ અવશ્ય સાથે રાખવાં.
11. સ્પર્ધકની સાથે આવનાર વાલીએ તેના સ્વખર્ચે ભોજનના પાસ સવારે 9:00 થી 9:30 કલાકે રજિસ્ટ્રેશન ટેબલ પરથી મેળવી લેવા.
12. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધક માટે ભોજન નિ:શુલ્ક છે, માટે તેના પાસ લેવાના નથી. તેના પાસ રમત દરમિયાન હોલમાં અપાશે.
13. રમત માટે આવનાર સ્પર્ધક કે તેના વાલીએ પોતાને ફ્રેશ થવા કે સવારના નાસ્તો કે અન્ય વ્યવસ્થા પોતાની રીતે કરીને આવવું.
14. સ્પર્ધામાં ભાગ લીધાનું ઈ-સર્ટિફિકેટ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરની ઑફિશિયલ વેબસાઈટ www.cugujarat.ac.in પરથી તા. 11/12/2024થી પોતાનો મોબાઈલ નંબર (રજિસ્ટ્રેશન ફૉર્મમાં દર્શાવેલ) દાખલ કરીને મેળવી શકાશે. જરૂર પડે તો જ મો.નં. 9712407584 (અંકિતભાઈ)નો સંપર્ક કરવો.
15. આયોજક સંસ્થાના વખતો વખતના નિયમોનું પાલન કરવાનું રહેશે તથા અંતિમ નિર્ણય નિર્ણાયકોનો રહેશે. આકસ્મિક કોઈ દુર્ઘટનાની જવાબદારી સ્પર્ધકની રહેશે.

**સ્પર્ધાના સ્થળ પર સવારે 07:30 થી 08:00 વાગ્યા સુધીમાં પહોચવું જરૂરી છે.**

**સ્પર્ધામાં આવનાર સ્પર્ધક તથા વાલીઓએ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ગેટ નં-6 થી જ પ્રવેશ લેવો.**

## ❖ વિજ્ઞાનભવન હોલ, સાયન્સ સિટી, સોલા-અમદાવાદ ખાતે તમે કેવી રીતે આવશો ?

- સૌરાષ્ટ્ર અને કચ્છ તરફથી આવતા સ્પર્ધકોએ ઈસ્કોન ચોકડીથી, દક્ષિણ ગુજરાત તરફથી ટ્રેનમાં કાલુપુર આવતા અથવા બસ દ્વારા ગીતામંદિરથી આવતા સ્પર્ધકે સોલા-ભાગવત આવી, ઉત્તર ગુજરાત તરફથી આવતા સ્પર્ધકોએ અડાલજ ચોકડી અથવા વૈષ્ણોદેવી સર્કલથી સ્થળ ઉપર સરળતાથી પહોંચી શકાશે.

❖ ટુર્નામેન્ટ સ્થળ :

➢ સ્થળ : વિજ્ઞાનભવન (હૉલ), સાયન્સ સિટી, સોલા, અમદાવાદ

➢ લોકેશન જાણવા માટે QR Code સ્કેન કરો :

❖ કઈ ઉંમરના સ્પર્ધકે ક્યારે આવવું : <u>સવારે 07:30 થી 08:00 વાગ્યા સુધીમાં પહોચવું જરૂરી છે.</u>

| કેટેગરી | વયજૂથ | કટ ઑફ ડેટ | તારીખ |
|---|---|---|---|
| 1 | 12 થી 17 વર્ષ (કેટેગરી - 2) | 01/01/2008 અને 31/12/2013 સુધી જન્મેલા | 30/11/2024, શનિવાર |
| 2 | 11 વર્ષ થી નાના (કેટેગરી - 1) | 01/01/2014 અને તે પછી જન્મેલા | 01/12/2024, રવિવાર |
| 3 | 18 થી 25 વર્ષ (કેટેગરી - 3) | 01/01/2000 અને 31/12/2007 સુધી જન્મેલા | 02/12/2024, સોમવાર |

ટુર્નામેન્ટ દરેક વિભાગ(કેટેગરી મુજબ)માં ચાર બ્લોકમાં થશે
સ્પર્ધકના આધાર કાર્ડમાં જે જિલ્લો હશે તે પ્રમાણે ફરજિયાત રમવાનુ રહેશે.

| બ્લોક - A | બ્લોક - B | બ્લોક - C | બ્લોક - D |
|---|---|---|---|
| આણંદ | બનાસકાંઠા | અમદાવાદ શહેર | વલસાડ |
| ભરૂચ | અમરેલી | અમદાવાદ ગ્રામ્ય | પોરબંદર |
| ભાવનગર શહેર | અરવલ્લી | વડોદરા શહેર | પાટણ |
| જામનગર શહેર | છોટાઉદેપુર | વડોદરા ગ્રામ્ય | કચ્છ |
| જુનાગઢ શહેર | દાહોદ | રાજકોટ શહેર | દેવભૂમિ દ્વારકા |
| ગાંધીનગર શહેર | ડાંગ | રાજકોટ ગ્રામ્ય | તાપી |
| ભાવનગર ગ્રામ્ય | મહીસાગર | સુરત શહેર | બોટાદ |
| જામનગર ગ્રામ્ય | નર્મદા | સુરત ગ્રામ્ય | ખેડા |
| જુનાગઢ ગ્રામ્ય | પંચમહાલ | | મોરબી |
| ગાંધીનગર ગ્રામ્ય | સાબરકાંઠા | | ગીર સોમનાથ |
| મહેસાણા | નવસારી | | સુરેન્દ્રનગર |

4 BLOCK & 3 CATEGORY = ₹ 5,00,000/- LACS

| winner | Category - 1 | Category - 2 | Category - 3 |
|---|---|---|---|
| 1st | ₹ 3100/- | ₹ 3100/- | ₹ 3100/- |
| 2nd | ₹ 2500/- | ₹ 2500/- | ₹ 2500/- |
| 3rd | ₹ 2000/- | ₹ 2000/- | ₹ 2000/- |
| 4th | ₹ 1500/- | ₹ 1500/- | ₹ 1500/- |
| 5th | ₹ 1300/- | ₹ 1300/- | ₹ 1300/- |
| 6th | ₹ 1100/- | ₹ 1100/- | ₹ 1100/- |
| 7th to 10th | ₹ 1000/- | ₹ 1000/- | ₹ 1000/- |
| 11th to 20th | ₹ 800/- | ₹ 800/- | ₹ 800/- |
| 21st TO 30th | ₹ 700/- | ₹ 700/- | ₹ 700/- |
| 31st TO 40th | ₹ 600/- | ₹ 600/- | ₹ 600/- |
| 41st TO 50th | ₹ 500/- | ₹ 500/- | ₹ 550/- |